# સાઈબર એટેક અને સાઈબર ક્રાઈમ સામે લડવા એક જ હથિયાર છે

# "સાઈબર એવેરનેસ"

**30–35%** લોકો સ્ટ્રોંગ પાસવર્ડ રાખે છે

**70–75%** લોકો 2FAનો ઉપયોગ નથી કરતાં



## કુરીયર જલ્દી પહોંચાડવાના નામથી આચરવામાં આવતી છેતરપિંડી

અત્યારના સમયમાં કુરીયર જલ્દી પોંહચાડવાના નામથી સાયબર છેતરપીંડી આચરવામાં આવી રહી છે, જેમાં સાયબર સ્કેમર દ્વારા જેના નામનું કુરીયર હોય તેને સૌથી પહેલાં કોલ કરવામાં આવે છે, અને કહેવામાં આવે છે કે, તમારું કુરીયર આવ્યું છે, પણ લોકેશન ચેન્જ બતાવી રહયું છે,તો જો તમારે કુરીયર જલ્દી જોઈતું હોય તો તમે તમારે એક ઓનલાઇન ફોર્મ ભરવું પડશે,અથવા પ્લેસ્ટોર કે એપસ્ટોર પરથી એક એપ્લીકેશન ડાઉનલોડ કરવી પડશે, અને જયારે કોઈ સાયબર સ્કેમરની વાતમાં આવીને તેનાં દ્વારા આપવામાં આવેલ સૂચનાઓને અનુસરે છે, એટલે તેનું બેંક એકાઉન્ટ ગણત્રી ના સેકન્ડમાં ખાલી થઈ જાય છે.

### ● કઈ બાબતોનું ધ્યાન રાખવુ

1) માત્ર માન્ય કુરીયર એજન્સી દ્વારા મોકલવામાં આવેલ લોકેશન ટ્રેકીંગ લિંક ને જ અનુસરવી જોઈએ, બીજી કોઈ પણ પ્રકારની વાતમાં કે ઓફરોમાં ક્યારેય ન પડવું જોઈએ.
2) સાયબર સ્કેમર દ્વારા મોકલવામાં આવેલ ફોર્મમાં ક્યારેય બેંક ડીટેઇલ કે "યુ પી આઈ" આઈ.ડી અને પીન દાખલ કરવા જોઈએ નહીં.
3) એનીડેસ્ક , ટીમ વયુવર જેવી સ્ક્રીન શેરિંગ એપ્લિકેશનો ક્યારેય ગ્રાહીત વ્યકિત ના કહેવાથી ઇન્સ્ટોલ કરવી જોઈએ નહીં.
4) ઓનલાઇન ઉપયોગ કરતાં તમામ નાણાકીય પોર્ટલ પર ડેબિટ લિમિટ ને સેટ કરીને રાખવી હીતાવહ છે.
5) પાર્સલ ટ્રેકીંગના નામથી મોકલવામાં આવતાં "ક્યૂ આર કોડને" સ્કેન કરવાથી બચવું જોઈએ.
7) શંકાસ્પદ નંબરને Google કરો અથવા કંપનીના કસ્ટમર કેર પર કોલ કરીને ચેક કરો.
8) કોઈપણ કંપની OTP અથવા બેન્ક વિગતો ફોન પર કે મેસેજમાં માંગતી નથી.

ભય ,લાલચ અને લોલીલુપતા આ ત્રણ બાબત જો કોઈ ઈન્ટરનેટ યૂઝર ત્યજી દે ને તો તે ઈન્ટરનેટ યૂઝર પર 95% સાઈબર એટેકનું પ્રમાણ ઓછું થઈ જાય છે, તેમ મેં મારા 15 વર્ષની સાઈબર એવેરનેસ મુસાફરીમાં અનુભવ્યું છે. વાચકો અત્યારના સમયમાં સાઈબર એટેકનું પ્રમાણ અસાધારણ ગતીએ વધવા પામ્યું છે,જે આપણે જુદા જુદા રિપોર્ટ ને આધારે નોંધ્યું છે. ત્યારે મનમાં પ્રશ્ન થાય કે શા માટે આટલા મોટા પ્રમાણમાં સાઈબર એટેક થતા હશે? એવું તો શું કરીએ તો આવા સાઈબર એટેકને ઓળખી શકાય અને તેને નાઠી શકાય ? તેમજ સાઈબર એટેકથી સુરક્ષિત કેવી રીતે રહેવાય? તો તેનો જવાબ છે, આખા વિશ્વમાં સાઈબર એટેક અને સાઈબર ક્રાઈમ સામે લડવા એક જ હથિયાર છે અને તે છે "સાઈબર એવેરનેસ". મુખ્ય છ પ્રકારના સાઈબર એટેક જે આજના સમયમાં સૌથી વધુ પ્રમાણમાં જોવા મળી રહયા છે, તેની માહિતી તેમજ તેનાથી સલામત કેવી રીતે રહી શકાય તે બાબતને સમજીએ.

મયુર ભુસાવળકર
આઈટી એક્સપર્ટ

## ઈન્ટરનેટ પર અચંબિત કરતી જાહેરાતોથી દૂર રહેવુ જોઇએ, સાયબર ફ્રોડ હોઇ શકે

સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ અને બ્રાઉઝીંગ દરમ્યાન મોંઘી વસ્તુ સસ્તાં ભાવે ઓફર કરતી એડ્સ ને પ્રસારીત કરવામાં આવતી હોય છે ,જ્યાં ખરીદનારને કેશ ઓન ડિલિવરી વિકલ્પ આપવામાં આવતો નથી, સાથે જ જો કેશ ઓન ડિલિવરી વિકલ્પ આપવામાં આવે તો વસ્તુની કિંમત મોંઘી કરી દેવામાં આવે છે ,આમ ખરીદનારને ઓનલાઇન પેમેન્ટ માટે જ પ્રોત્સાહિત કરવામાં આવે છે ,એને એકવાર નાણાં ચૂકવાઈ જાય એટલે વસ્તુ પણ આવતી નથી અને જો વસ્તુ આવે તો તે યોગ્ય પણ હોતી નથી. , "ઝડપી ડિલિવરી માટે ચાર્જ ભરો" જેવા બહાનાં બનાવી લોકોને છેતરતા હોય છે. થોડા સાવચેતીભર્યા પગલાં લેવાથી તમે આથી સરળતાથી બચી શકો છો.

### ● કઈ બાબતોનું ધ્યાન રાખવુ

1) અચંબિત કરતી અને લોભામણી જાહેરાતોથી દૂર રહો, અને હંમેશા પ્રતિષ્ઠિત પોર્ટલ પરથી જ ખરીદી કરવી જોઈએ.
2) જ્યાં મોંઘી વસ્તુ સસ્તા ભાવે ઓફર કરવામાં આવે છે, ત્યારે હંમેશા અલગ અલગ ચાર પાંચ ઈ અને એમ કોમર્સ પોર્ટલ સાથે તેની સરખામણી કરીને તેની પુષ્ટિ કરવી જોઈએ.
3) "એચ ટી ટી પી" થી શરૂ થતી વેબસાઈટ પર ક્યારેય નાણાકીય વિગતો દાખલ કરવી જોઈએ નહીં, માત્ર "એચ ટી ટી પી એસ" વેબસાઈટને અથવા વેબસાઈટની શરૂઆતમાં તાળા નું ચિન્હ હોય તે જ વેબસાઈટ અનુસરો.
4) વેબસાઈટ પર વસ્તુના ફોટા અને વસ્તુ માટે લખેલ વિવરણ અવશ્ય વાંચવું ,જો ફોટા ઝાંખા દેખાય અને લખાણ અઘરું અને ભૂલવાળું હોય તો તેવી વેબસાઈટ સાથે કોઈપણ નાણાકીય વ્યવહાર ન કરવો જોઈએ.
5) જે વેબસાઈટ પર વસ્તુ માટે રીર્ટન પોલીસી , રજીસ્ટર ઓફિસ સરનામું અને એક કરતાં વધારાની સંપર્ક માહિતી ના હોય તેવી વેબસાઈટથી દૂર રહો. આવી વેબસાઇટો પર આકર્ષક સ્કિમ આપી છેતરપિંડી થઇ શકે છે.

## ફૉરેક્સ ઈન્વેસ્ટમેન્ટ સ્કેમ



ફોરેક્સ ઇન્વેસ્ટમેન્ટ ના નામથી સૌથી મોટા પાયે અત્યારના સમયમાં કૌભાંડ આચરવામાં આવે છે, જેમાં ઇન્વેસ્ટર ને રોજના હજાર ડોલર પ્રોફીટ ની લાલચ આપવામાં આવે છે , ઇનવેસ્ટર ના મોબાઈલમાં એક ફેક એપ્લીકેશન "એ પી કે" ના માધ્યમથી ડાઉનલોડ કરાવી એપ્લિકેશનનું સમગ્ર નિયંત્રણ સ્કેમર ના હાથમાં હોય છે, શરૂઆતના ચાર પાંચ દિવસમાં યુઝરને તગડો પ્રોફીટ આપે જેનાથી યુઝર વધુ ને વધુ રોકાણ કરે ત્યારબાદ મસમોટી રકમનું ઇન્વેસ્ટમેન્ટ થઈ જાય એટલે એપ્લિકેશન ને બંધ કરી દે છે.

### ● આ પાંચ બાબતોનું ધ્યાન રાખવું ●

1) ઓછા સમયમાં વધારે પ્રોફીટ કમાવી આપતી એપ્લિકેશનોથી અને તેની એડ્સથી દૂર રહેવું જોઈએ.
2) બેન્કના ક્રેડેન્શીયલ કોઈની પણ સાથે શેર કરવા જોઈએ નહીં, તેમજ એકાઉન્ટનું નિયંત્રણ કોઈ અજાણી વ્યકિતના હાથમાં આપવું નહીં.
3) ફોરેક્સ ટ્રેડ પહેલાં "આર બી આઈ" અને "સેબી" ની એડવાઈઝરી ને જાણવી જરૂરી છે.
4) "એ પી કે" ના માધ્યમથી એપ્લિકેશનને મોબાઈલમાં સ્થાપિત કરવી જોઈએ નહીં.
5) કોઈપણ પ્રકારના દસ્તાવેજોને વાંચ્યા વગર તેના પર સહી કરવી જોઈએ નહીં. જો કોઈ પણ પ્રકારનો સાઇબર ક્રાઈમ થાય તો ત્વરિત 1930 નંબર ઉપર ફરિયાદ કરવી જોઈએ અથવા www.cybercrime.gov.in વેબસાઈટનો ઉપયોગ કરીને પણ ફરિયાદ નોંધાવી શકાય છે

## પોર્નસાઈટ તેમજ કન્ટેન્ટ સ્કેમ



પોર્ન સાઈટ તેમજ કન્ટેન્ટ જોનારાના ડીવાઈસ સ્ક્રીનને માલવેરથી લોક કરીને ખંડણી માંગવામાં આવે છે, તેમજ ખંડણી ન ચૂકવનારાઓને પોલીસ ધરપકડનો ભય, સમાજમાં બદનામ કરવાનો ભય દેખાડવામાં આવે છે,સાથે જ ડીવાઈસ સ્ક્રીનને લોક કરીને તેના પર ભારત સરકારની વેબસાઈટનું ફીશીંગ પેજ બતાવીને ખંડણી માટે દબાણ કરવામાં આવે છે. પોર્ન/અજાણી વેબસાઈટ ખોલતાં જ પોપઅપ કે ફાઈલ ડાઉનલોડ થાય છે. ડિવાઈસની સ્ક્રીન લોક થઈ જાય છે.

### ● આ પાંચ બાબતોનું ધ્યાન રાખવું ●

1) પોર્ન સાઈટ તેમજ કન્ટેન્ટ ને કયારેય બ્રાઉઝ અને ડાઉનલોડ કરવી જોઈએ નહીં.
2) પ્લેસ્ટોર કે એપસ્ટોર પરથી જ એપ્લિકેશનો ડાઉનલોડ કરવાનો આગ્રહ રાખવો જોઈએ કોઈ લિંક માધ્યમથી નહીં.
3) લાઈવ પોર્ન વીડિયોથી અને તેની એપ્લિકેશનોથી દૂર રહેવું જોઈએ.
4) અગત્યનાં ડેટા નું એક કરતાં વધારે માધ્યમ પર બેકઅપ રાખવું હિતાવહ છે.
5) ખંડણી ક્યારેય ચૂકવવી જોઈએ નહીં, ખંડણી ચૂકવ્યા પછી પણ સ્ક્રીન અનલોક થતો નથી, તે બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. ડીવાઈસને ફેક્ટરી રીસેટ અથવા ફોર્મેટ જ કરવો જોઈએ.
6) તમારા મોબાઇલ/કમ્પ્યુટરમાં સિક્યોરિટી અપડેટ્સ ચાલુ રાખો. ડરાવીને પૈસા માંગે તો પણ ક્યારેય ચુકવણી ન કરો.

## મહિલાઓનું ફેક એકાઉન્ટ બનાવીને સ્કેમ



જો મહિલાઓ કોઈ રોમીયોને તાબે થતી નથી,તો આવા રોમીયો મહિલાઓના નામની ફેક પ્રોફાઈલ બનાવે છે, અને મહિલાને તાબે કરવાનો પ્રયત્ન કરે છે,જેમાં તેઓ સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર મહિલાઓના જે સોશ્યિલ મીડિયા એકાઉન્ટ ના પ્રોફાઈલ લોક કરેલ નથી ,તેવા એકાઉન્ટમાંથી ફોટા લઈને મહિલાઓના નામની ફેક પ્રોફાઈલ બનાવે છે, અને મહિલાને બદનામ કરવાનો પ્રયત્ન કરે છે, બદલામાં મહિલાઓ પાસે અઘટિત માંગણીઓ કરે છે.

### ● આ પાંચ બાબતોનું ધ્યાન રાખવું ●

1) તમામ સોશ્યિલ મીડિયા પ્રોફાઈલ ને લોક રાખો , અને જેને તમે પ્રત્યક્ષ ઓળખો છે, તેવા જ યુઝર ને ફ્રેન્ડ કે ફોલોવર લિસ્ટ માં સ્થાન આપો.
2) ક્યારેય પબ્લિક ડોમેઈનમાં પોતાનો મોબાઈલ નંબર ને જાહેર ન કરો.
3) હેશ ટેગ નો ઉપયોગ વિચારીને કરવો જોઈએ ,જો કોઈ ફોટોઓને પોસ્ટ કરવા માંગતા હો તો.
4) કોઈપણ પ્રકારના દબાવમાં આવ્યા વગર અને અઘટિત માંગણીઓ સંતોષાયા વગર "શી ટીમ" તેમજ સાઈબર પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવો અતિ આવશ્યક ,સાથે ફેમિલી મેમ્બરને પણ ઘટનાની જાણ કરો.
5) ઘબરાઈને ક્યારેય ચેટ ડીલીટ ન કરવી જોઈએ, જો કોઈને બ્લોક કરો છો કે તેનો સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર રિપોર્ટ કરો છો તે પહેલાં , તમામ ચેટ ના ટાઈમલાઈન સાથે સ્ક્રીન શોટ લો અને જો વિડીયો હોય તો તે ડાઉનલોડ કરી લો.

# આંગળીમાં આવી ગયું ભવિષ્ય : સ્માર્ટ રિંગ બની રહ્યું છે નવી ટેક્નોલોજીનું કેન્દ્ર

આજના ઝડપી ડિજિટલ યુગમાં ટેક્નોલોજી સતત બદલાતી જઈ રહી છે. સ્માર્ટફોન બાદ સ્માર્ટવોચનો યુગ આવ્યો અને હવે ટેક્નોલોજી એક પગલું આગળ વધી સ્માર્ટ રિંગ સુધી પહોંચી ગઈ છે. આ નાનું પરંતુ શક્તિશાળી ડિવાઈસ હવે લોકોના દૈનિક જીવનમાં મહત્વનું સ્થાન મેળવતું જાય છે.

અર્જુન શર્મા
આઈટી એક્સપર્ટ

સ્માર્ટ રિંગ દેખાવમાં સામાન્ય આંગળીમાં પહેરાતી રિંગ જેવી હોય છે, પરંતુ તેમાં અદ્યતન સેન્સર, Bluetooth અને AI ટેક્નોલોજી સમાયેલ હોય છે. આ રિંગ મોબાઈલ એપ સાથે કનેક્ટ થઈને યૂઝરને આરોગ્ય અને ફિટનેસ સંબંધિત માહિતી પ્રદાન કરે છે. વિશેષજ્ઞોના જણાવ્યા અનુસાર સ્માર્ટ રિંગ ખાસ કરીને હેલ્થ ટ્રેકિંગ માટે વધુ ઉપયોગી સાબિત થઈ રહી છે. તેમાં હાર્ટ રેટ, બ્લડ ઓક્સિજન, સ્ટ્રેસ લેવલ અને શરીરનું તાપમાન માપવાની સુવિધા હોય છે. સાથે જ, ઊંઘના પેટર્નનું વિશ્લેષણ કરીને યૂઝરને સારી લાઈફસ્ટાઈલ અપનાવવા માર્ગદર્શન આપે છે.



ફિટનેસ ક્ષેત્રમાં પણ સ્માર્ટ રિંગ મહત્વપૂર્ણ બની રહ્યું છે. તે યૂઝરના દૈનિક પગલાં, કેલરી બર્ન અને વર્કઆઉટ ડેટા ટ્રેક કરે છે. વધુમાં, કેટલીક અદ્યતન રિંગ્સમાં નોટિફિકેશન, કોન્ટેક્ટલેસ પેમેન્ટ અને જેસ્ચર કંટ્રોલ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. ટેક્નોલોજી નિષ્ણાતોનું માનવું છે કે આવનારા સમયમાં સ્માર્ટ રિંગમાં વધુ AI આધારિત ફીચર્સ, હેલ્થ પ્રેડિક્શન અને ડિજિટલ આઈડેન્ટિટી જેવી સુવિધાઓ ઉમેરાશે. જેના કારણે આ ડિવાઈસ સ્માર્ટવોચ જેટલું જ લોકપ્રિય બની શકે છે. ભારતમાં પણ આ ટેક્નોલોજી ઝડપથી લોકપ્રિય બની રહી છે. Samsung Galaxy Ring, Oura Ring, boAt Smart Ring અને Noise Luna Ring જેવા બ્રાન્ડ્સ માર્કેટમાં નવા વિકલ્પો આપી રહ્યા છે. જોકે, નિષ્ણાતો કહે છે કે સ્માર્ટ રિંગ ખરીદતા પહેલા તેની બેટરી લાઈફ, વોટર રેસિસ્ટન્સ, મોબાઈલ કમ્પેટિબિલિટી અને વોરંટી જેવી બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

### સ્માર્ટ રિંગ શું છે?

- આંગળીમાં પહેરાતું સ્માર્ટ ડિવાઇસ
- Bluetooth દ્વારા મોબાઇલ સાથે જોડાય છે
- હેલ્થ અને ફિટનેસ ડેટા આપે છે

### મુખ્ય ફીચર્સ

- Heart Rate Monitoring
- SpO2 (Oxygen Level)
- Sleep Tracking
- Steps | Calories
- Notifications

### ફાયદા

- નાનું અને સ્ટાઈલિશ
- દિવસ-રાત પહેરી શકાય
- લાંબી બેટરી (5-10 દિવસ)
- Water Resistant

### ખરીદતા પહેલા ધ્યાનમાં રાખો

- Battery Life
- Water Resistance
- Compatibility
- Comfort | Size
- Warranty

**મોબાઈલ કમ્પેટિબિલિટી અને વોરંટી જેવી બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ**

### ઈ-મૅન્ડેટના નવા નિયમો

# ઓટો-ડેબિટ હવે વધુ સુરક્ષિત અને પારદર્શક

ડિજિટલ ચુકવણી વ્યવસ્થામાં વધતી સુવિધા સાથે સુરક્ષા મજબૂત બનાવવા માટે Reserve Bank of India (RBI) દ્વારા ઈ-મૅન્ડેટ સંબંધિત નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. નવા નિયમો recurring paymentsને વધુ પારદર્શક, નિયંત્રિત અને ગ્રાહકમૈત્રી બનાવવાના હેતુથી અમલમાં આવ્યા છે. 1 ઈ-મૅન્ડેટ શું છે અને કેવી રીતે કામ કરે છે? ઈ-મૅન્ડેટ એ ગ્રાહક દ્વારા આપવામાં આવતી એક વખતની મંજૂરી છે, જેના આધારે બેંક અથવા પેમેન્ટ પ્લેટફોર્મ નિયમિત સમયાંતરે આપમેળે ચુકવણી કરી શકે છે.

### કયા કિસ્સાઓમાં છૂટ આપવામાં આવી છે?

આવશ્યક સેવાઓમાં અવરોધ ન આવે તે માટે કેટલીક છૂટ આપવામાં આવી છે: ઇન્સ્યોરન્સ પ્રીમિયમ મ્યુચ્યુઅલ ફંડ સબ્સ્ક્રિપ્શન તેમજ ક્રેડિટ કાર્ડ બિલ ચુકવણી1 લાખ સુધીની આવી ટ્રાન્ઝેક્શન માટે pre-debit notificationમાંથી છૂટ મળી શકે છે પરંતુ 15,000થી વધુની અન્ય ટ્રાન્ઝેક્શન માટે AFA ફરજિયાત રહેશે.

### આ ફેરફારો પાછળના મુખ્ય કારણો

1.અનધિકૃત ઓટો-ડેબિટ અંગે વધતી ફરિયાદો
2. recurring payments રદ કરવામાં પડતી મુશ્કેલીઓ
3. ડિજિટલ ચુકવણીમાં પારદર્શકતા વધારવાની જરૂર

આ નિયમો હવે કાર્ડ, UPI, વોલેટ અને પ્રીપેઇડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ સહિત તમામ પેમેન્ટ સિસ્ટમ પર લાગુ પડે છે. દરેક ઓટો-ડેબિટ પહેલાં 24 કલાક અગાઉ SMS અથવા ઈમેઇલ એલર્ટ આપવું જરૂરી ગ્રાહકોને એલર્ટ મેળવવાની ચેનલ પસંદ કરવાની છૂટ

### નવા નિયમોથી ગ્રાહકોને મળનારા લાભ

1. અનધિકૃત ટ્રાન્ઝેક્શન સામે વધારાની સુરક્ષા
2. દરેક ઓટો-ડેબિટ પહેલાં પૂર્વ સૂચના
3. મેન્ડેટ સરળતાથી રદ કરવાની સુવિધા
4. ફરિયાદ નિવારણ વ્યવસ્થા મજબૂત
5. recurring payments પર વધુ નિયંત્રણ

આ બદલાવ ડિજિટલ ચુકવણી પ્રણાલીને વધુ વિશ્વસનીય બનાવે છે અને ગ્રાહકોમાં વિશ્વાસ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.